મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૫ | વર્ષ - ૫ | ડિસેમ્બર - ૨૦૨૫ (સળંગ અંક : ૫૩)

## સમરસ બની સાગર હવે વિકાસના પંથે

# વટ્ટબંધ વધશે આગળ





40% પશુપાલક મહિલાઓના પ્રતિનિધીત્વ સાથે દૂધસાગરનું બિનહરીફ નિયામક મંડળ

Scanned with OKEN Scanner

## શુધ્ધ-અણિશુધ્ધ અને પરિશુધ્ધ વહિવટ થકી પોતાના પક્ષ અને પોતાના પશુપાલકોની સર્વમાન્યતા પ્રાપ્ત કરવામાં અશોક ચૌધરી સફળ

# માગ્યો ખોબો અને મળ્યો દરિયો



**સને.** 2021 ની 15 જાન્યુઆરીના રોજ પોતાના નેતૃત્વ હેઠળની પરિવર્તન પેનલ થકી મહેસાણા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની સંઘર્ષ ભરેલી ચૂંટણીમાં વિજેતા બની 13 બેઠકો સાથે સત્તાના સૂત્રો સંભાળનાર શ્રી. અશોકભાઈ બી. ચૌધરીએ વિતેલા પાંચ વર્ષમાં મહેસાણા દૂધસાગર ડેરીને અનેક ઐતિહાસીક સિધ્ધીઓ અપાવી એક સફળ સહકારી નેતા તરીકે પોતાના અસ્તિત્વને સાબિત કરવામાં ભારે સફળતા પ્રાપ્ત કરી છે.

તાજેતરમાં, જાહેર થયેલી મહેસાણા દૂધસાગર ડેરીની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને મહેસાણા દૂધ સંઘના પશુપાલકોનો ભારે વિશ્વાસ પ્રાપ્ત કરી ચૂકેલા શ્રી. અશોકભાઈ ચૌધરીની પેનલના 15 માંથી 15 બેઠકોના ઉમેદવારો સામે કોઈએ ઉમેદવારી ના નોંધાવતા તમામ બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી છે. ભાજપ દ્વારા આપવામાં આવેલ મેન્ડેડથી અઢી જીલ્લામાં પથરાયેલી આ વિશાળ સંસ્થાની મુખ્ય ચૂંટણી ટળી જવા પામતાં લાખો માનવ કલાકો - ડીઝલ પેટ્રોલના ધૂમાડાઓ અને લાખો રુપિયા બચવાની સાથે સમગ્ર અઢી જીલ્લાઓમાં સહકારીતાનું સૌહાર્દ ભરેલું આવકાર દાયક વાતાવરણનું સર્જન થવા પામ્યું છે.

અત્રે, ઉલ્લેખનીય છે કે ; વિતેલા પાંચ વર્ષમાં અશોક ચૌધરીના ચેરમેન પદ હેઠળ અસ્તિત્વમાં આવેલા નિયામક મંડળે લીધેલા પશુપાલકોના હિત અંગેના નિર્ણયો, કરકસર યુક્ત અને પારદર્શક વહિવટ, સંસ્થા દ્વારા અપનાવવામાં આવેલી ઓનલાઈન રીવર્સ ઓક્શનવાળી ટેન્ડર પધ્ધતિઓથી ખરીદીઓ, સામાજિક ઉત્તર દાયિત્વ તથા વિવિધ સેવાઓ આ બધુંજ, તેના શ્રેષ્ઠત્તમ સ્તરે પહોંચવા પામતાં દૂધસાગર ડેરીએ પોતાની ભવ્ય ભૂતકાળની ઉત્તમ ક્ષણો ફરીથી પ્રાપ્ત કરવામાં આગેકૂચ કરી હોય તેવો વિશ્વાસ પશુપાલકોમાં જાગવા પામ્યો હતો. અશોક ચૌધરીના શાસન સમય દરમ્યાન પશુપાલકોને મળેલ દૂધના ખરીદ ભાવ તથા વાર્ષિક ભાવફેર તેમજ સસ્તી અને ઉત્તમ વેટરનરી સેવાઓ, વ્યાજબી ભાવે ગુણવત્તાયુક્ત પશુઆહાર તેમજ દૂધસાગર સાથે સંકળાયેલા કર્મચારીઓની યોગ્ય કદર જેવા ઉત્તમ નિર્ણયોથી પ્રાપ્ત થયેલા વિશ્વાસને પરિણામે આજે 2025 ની વર્તમાન ચૂંટણી ગૌણ બની જવા પામી છે. પશુપાલકોએ આ ક્ષણે, દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં જણાવ્યું કે ; અશોકભાઈ ચૌધરીના હાથોમાં દૂધસાગર સુરક્ષિત છે અને સ્વ.માનસિંહભાઈ સાહેબ તથા મોતીબાપુ સમયનો સૂવર્ણકાળ પ્રસ્થાપિત થયો છે અને સમગ્ર દૂધસાગર વિસ્તારમાં પશુપાલનનો વ્યવસાય ફરીથી જીવંત થતાં આ બિનહરીફ પસંદગીનું સકારાત્મક વાતાવરણ સર્જાયું છે.

## નારી તું નારાયણીનું દૂધસાગરમાં સાર્થક થયું સૂત્ર












Scanned with OKEN Scanner


નૂતન પાવડર પ્લાન્ટ-UHT પ્લાન્ટ-સાગર સૈનિક સ્કૂલ અને સાગર ઓર્ગેનિક પ્લાન્ટ સાથે
દૂધસાગરમાં
નવા
યુગનો
આરંભ
सत्यमेव जयते

4 જૂલાઈ 2023 ના રોજ માન. શ્રી અમિતભાઈ શાહ ના હાથે ભૂમિપુજન | 13 નવેમ્બર 2025 ના રોજ માન.શ્રી અમિતભાઈના હાથે શુભારંભ

# અમે જેની ઈંટ મુકીએ છીએ, એનું ઉદ્ઘાટન પણ કરીએ છીએ
# દૂધસાગર ડેરીએ પ્રધાનમંત્રીશ્રી મોદીજીના શબ્દો સાકાર કર્યા
















ગત તા.4 જૂલાઈ 2023 નો દિવસ એટલે આપણી મહાન સંસ્થા દૂધસાગરના રખેવાળ સ્વ. મોતીભાઈ રણછોડભાઈ ચૌધરીને સમર્પિત દિવસ હતો. દેશના કેન્દ્રિય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહની ગરીમાપૂર્ણ વર્ચ્યુઅલ ઉપસ્થિતી વચ્ચે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને અનેક સન્માનનિય ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને સાસંદો સાથે હજારો પશુપાલકોની હાજરીમાં મોતીભાઈ વંદનાવર્ષ નિમિત્તે મહેસાણા નજીક બોરીયાવી ગામ ખાતે સ્વ.મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલના અધત્તન સંકૂલનું ભૂમિપુજન કરવામાં આવ્યું હતું. " અમે જેની ઈંટ મુકીએ છીએ, એનું ઉદ્ઘાટન પણ કરીએ છીએ" વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આ શબ્દોને સાકાર કરતાં આજે બરાબર બે વર્ષ અને ચાર મહિના બાદ, જે ભૂમિ પર સાગર સૈનિક સ્કૂલનું સ્વપ્ન નિહાળવામાં આવ્યું હતું તેના સાકાર સ્વરુપનો શુભારંભ તાજેતરમાં 13 નવેમ્બર 2025 ના રોજ - કેન્દ્રના ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી. અમિતભાઈ શાહ અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત વિધાનસભાના અધ્યક્ષ શ્રી. શંકરભાઈ ચૌધરી, સહકાર મંત્રીશ્રી. જીતુભાઈ વાઘાણી, ઉર્જામંત્રીશ્રી. ઋષિકેશભાઈ પટેલ, પૂર્વ ઉપમુખ્યમંત્રીશ્રી. નિતીનભાઈ પટેલ, પૂર્વ

Scanned with OKEN Scanner

કેબિનેટ મંત્રીશ્રી. બળવંતસિંહભાઈ રાજપૂત, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી. તૃષાબેન પટેલ, સાંસદ શ્રી. હરીભાઈ પટેલ, ભરતસિંહ ડાભી, મયંકભાઈ નાયક તથા ધારાસભ્યશ્રી. મુકેશભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ, સરદારભાઈ ચૌધરી, સુખાજી ઠાકોર, રાજેન્દ્રભાઈ ચાવડા, લવીંગજી ઠાકોરની સાથે પૂર્વમંત્રીશ્રી. દિલીપભાઈ ઠાકોર, ભાજપ સંગઠન જીલ્લા પ્રમુખશ્રી. ગીરીશભાઈ રાજગોર, વર્ષાબેન દોશી, જીલ્લા કલેક્ટરશ્રી. એસ. કે. પ્રજાપતિ, જીલ્લા વિકાસ અધિકારીશ્રી. હસરત જૈસ્મિન, અમૂલના વાઈસ ચેરમેન શ્રી. ગોરધનભાઈ ધામેલિયા અને અમૂલના MD શ્રી જયેન મહેતા, મહેસાણા દૂધસાગરના મેનેજીંગ ડિરેક્ટરશ્રી. ધીરજકુમાર ચૌધરી, ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન સાથે સંકળાયેલા વિવિધ દૂધસંઘોના હોદ્દેદારો અને અધિકારીઓ સહિત મહેસાણા દૂધસંઘ સાથે જોડાયેલી આશરે 1500 થી વધુ દૂધમંડળીઓના પ્રતિનીધીઓ તથા સભાસદો અને વિશાળ સંખ્યામાં પશુપાલક માતાઓ બહેનોની હાજરીમાં સૈનિક સ્કૂલનો ભવ્યાતિભવ્ય શુભારંભ સંપન્ન થવા પામ્યો છે.

આ પ્રસંગે વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત થયેલા ભારતના ગૃહ અને સહકાર મંત્રી શ્રી. અમિતભાઈ શાહે દિલ્હીમાં બનેલ આતંકવાદી ઘટનાની ગંભીરતાને કારણે રુબરુ હાજર રહેવાની ઈચ્છા હોવા છતાં તે શક્ય ન બન્યું ! તે માટે, ક્ષમા યાચના કરી જણાવ્યું હતું કે ; હું માણસામાં જ મોટો થયો છું અને મોતીકાકાનું જીવન નજીકથી જોયું છે. તેઓ તે સમયે ગુજરાત સરકારમાં PWD મંત્રી અને દૂધસાગર ડેરીના ચેરમેન હોવા છતાં ગુજરાત સરકારની ST બસમાં મુસાફરી કરતાં મેં જાતે જોયા છે. ગાંધીજીના સિધ્ધાંતો આધારિત તેમની સાદગી અને આદર્શ જીવન આપણા બધા માટે પ્રેરણા દાયક રહ્યું છે. ત્યારે, માણસાના દિકરા તરીકે આ સ્કૂલને સ્વ. મોતીકાકાનું નામ આપવામાં આવ્યું તે બદલ હું અશોકભાઈનો આભાર માનું છું. આ સાથે તેઓએ ઉમેર્યું કે, માનસિંહભાઇ - મોતીકાકા - ગલબાભાઇ - ત્રિભોવનભાઈ પટેલ આ સૌએ ગુજરાતના પશુપાલકો, ખેડૂતો, ગામડાં માટે સમૃદ્ધિના દ્વાર ખોલવાનું કામ કર્યું છે. જેના પરિણામે આજે અમૂલ વિશ્વની પ્રથમ નંબરની બ્રાન્ડ બની ઉભરી આવી છે. તાજેતરમાં અમૂલને વિશ્વની સૌથી મજબૂત કો-ઓપરેટીવ સંસ્થા તરીકે પ્રથમ સ્થાન મળ્યું છે તેના પાયામાં આ મહાનુભાવોની મહેનત રહેલી છે. તેઓએ મહેસાણાના બોરીયાવી ખાતે PPP મોડેલ થકી દેશમાં નવી 100 સૈનિક સ્કૂલોનું નિર્માણ થઈ રહ્યું છે તે પૈકીની દૂધસાગર ડેરી દ્વારા સંચાલિત આ સૈનિક સ્કૂલ બાળકોમાં દેશપ્રેમના ગુણોનું સિંચન કરશે તથા અનેક બાળકોને ભારતની સેનામાં સેવા કરવાની તક પુરી પાડશે. કેન્દ્રિય મંત્રીશ્રીએ આ તબક્કે પોતાના પ્રવચનમાં દૂધસાગર ડેરીના સહકારી મોડેલની વાત કરતાં જણાવ્યું હતું કે ; 1960 માં માત્ર 3300 લિટર દૂધથી શરુ થઈને આજે આ ડેરી પ્રતિદીન 35 લાખ લિટર દૂધ સંપાદન કરી તેના વિવિધ ઉત્પાદનોનું નિર્માણ કરે છે. આજે મહેસાણાની આ ડેરી 10 લાખ પશુપાલકો સાથે જોડાઈ વાર્ષિક 8 હજાર કરોડનું ટર્ન ઓવર ધરાવતી બની છે અને ડેરીના માધ્યમથી આ વિસ્તારની તથા રાજ્યની મહિલાઓ આત્મનિર્ભર બની છે અને રાષ્ટ્રના વિકાસમાં દેશના અર્થતંત્રને મજબૂત કરવામાં ફાળો આપી રહી છે. અમિતભાઈ શાહે પોતાના આ પ્રવચનમાં કેન્દ્રના સહકાર મંત્રી હોવાના નાતે દેશમાં સહકારી ક્ષેત્રે થયેલ અનેક નવા આયામોથી પશુપાલકો સાથે વાત કરતાં સહકારના માધ્યમથી ગામડાઓ કેવી રીતે મજબૂત થાય ? તે માટે સરકારની નવી યોજનાઓની વિગતે વાત કરી હતી.















# શ્વેત ક્રાંતિની સાક્ષી રહેલ દૂધસાગર હવે, રાષ્ટ્ર ક્રાંતિની જ્યોત પ્રગટાવશે









આ તબક્કે કેન્દ્રિય ગૃહમંત્રીએ દૂધસાગર સાગર ડેરી - મહેસાણા સંચાલિત મોતીભાઈ રણછોડભાઈ સાગર સૈનિક સ્કૂલ અંગે માહિતી આપતાં જણાવ્યું કે ; 11 એકર જમીન પર ફેલાયેલી આ સ્કૂલ 50 કરોડ રુપિયાના ખર્ચે બનાવાઈ છે. જેમાં સ્માર્ટ ક્લાસરુમ, હોસ્ટેલ, લાઈબ્રેરી, રમતના મેદાન અને જમવા માટે ઉત્તમ કેન્ટિનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

આ સાથે સાથે મહેસાણા દૂધસાગર ડેરી દ્વારા ખેરાલુ ખાતે શરુ કરાયેલ સાગર ઓર્ગેનિક પ્લાન્ટનું પણ અમિતભાઈના વરદ્ હસ્તે ઉદઘાટન થયું હતું. 30 મેટ્રિક ટન પ્રોસેસિંગ તેમજ પેકિંગની વ્યવસ્થા ધરાવતા આ આધુનિક પ્લાન્ટમાં નાના ગ્રાહકલક્ષી પેકિંગ કરવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. દૂધસાગર ડેરી દ્વારા પોતાના કાર્યક્ષેત્રના ખેડૂતો પાસે પ્રાકૃતિક ખેત પેદાશોનું ઉત્પાદન કરાવવા માટે આ પ્રસંગે ખેડૂતો સાથે MOU કરાયા ત્યારે દેશના ગૃહ મંત્રી અને રાજ્યના મુખ્યમંત્રી તેના સાક્ષી બન્યા હતા. ઓર્ગેનિક પ્લાન્ટ અંગે બોલતા અમિતભાઈ શાહે જણાવ્યું કે અમૂલ દ્વારા ઉઠાવવામાં આવેલ પ્રાકૃતિક ખેતીની ખેત પેદાશોને પ્રોત્સાહન આપવાનું કામ દેશના આરોગ્ય માટે ખૂબ ઉત્તમ બની રહેવાનું છે. આ તબક્કે હળવાશ ભરેલા લહેંકામાં ગૃહમંત્રી શ્રીએ ખેડૂતો પોતે પણ આ ઓર્ગેનિક ખેત પેદાશો વાપરે તેવો આગ્રહ કર્યો હતો.

આ પ્રસંગે સંબોધન કરતાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે જે નુકશાન થયું છે તે નુકશાનીમાં ખેડૂતોના પડખે ઉભા રહેવા ભાજપની આ ડબલ એન્જિનની સરકાર અડીખમ રહી છે અને 10 હજાર કરોડ રુપિયાનું ઐતિહાસીક રાહત પેકેજ જાહેર કર્યું છે જે સરકાર ખેડૂતો અને પશુપાલકો માટે સંવેદનશીલ છે તેનું ઉત્તમ ઉદાહરણ છે. તાજેતરમાં, દિલ્હી ખાતે થયેલ આતંકવાદી કૃત્યને લઈ દેશના વડાપ્રધાન અને ગૃહમંત્રી ના નેતૃત્વમાં ભારતની સૈન્ય તાકાત જે વિશ્વને ઓપરેશન સિંદુર થકી પોતાની તાકાતનો પરિચય આપી રહી છે તેના વખાણ કરતાં દૂધસાગર ડેરી દ્વારા સ્થાપિત કરવામાં આવેલી સૈનિક સ્કૂલના બાળકો પણ આવનાર ભવિષ્યમાં દેશ માટે તાકાત બનીને ઉભા રહેશે તેવા વિશ્વાસને વ્યક્ત કર્યો હતો. દૂધસાગર ડેરી દ્વારા શરુકરવામાં આવેલ ઓર્ગેનિક પ્લાન્ટ વિશે વાત કરતાં તેઓએ જણાવ્યું કે કિસાનોની સશક્તિકરણનો આજે એક નવો પ્રકલ્પ ઉમેરાયો છે. સાગર ઓર્ગેનિક પ્લાન્ટમાં તૈયાર થનાર અનાજ, દાળ, મસાલા સહિતનું વેચાણ ઉત્પાદન અમૂલ બ્રાન્ડ હેઠળ થવાથી ખેડૂતોને તેમના ઉત્પાદનના યોગ્ય ભાવ મળશે. અને સમાજને તંદુરસ્તી મળશે.

# એક શબ્દ સફર : મોતીભાઈ રણછોડભાઈ સાગર સૈનિક સ્કૂલ











MCSSS
KNOWLEDGE • DEFENCE • BRAVERY
SHRI MOTIBHAI R CHAUDHARY
SAGAR SAINIK SCHOOL

ઈઝરાયલમાં સૈનિક શિક્ષણ ફરજીયાત છે. અને તેના કારણે ત્યાંના એક-એક નાગરિકમાં લશ્કરી શિસ્ત જોવા મળે છે. આપણી દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા પશુપાલકોના દિકરાઓ અને દિકરીઓની સરેરાશ ઉંચાઈ અને તંદુરસ્તી કુદરત સહજ હોય છે. આવા સુપોષિત બાળકોના શરીર અને બુદ્ધિઆંક ઉંચો જોવા મળતો હોય છે. આ બાળકોને લશ્કરી શિસ્ત આધારિત ઉચ્ચ શિક્ષણ તો તેઓ પોતાના પરિવારની સાથે આ દેશના નવી ઉંચાઈઓ અને ગરીમા બક્ષવામાં અદની ભૂમિકા ભજવે તે સનાતન સત્ય છે. મહેસાણા દૂધસાગર ડેરી અને ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે CBSE ના ધારાધોરણો અનુસાર દેશના સન્માનિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ ના વરદ્ હસ્તે જેનો શુભારંભ થયો છે અને જે વિધ્યાસંકુલને મોતીદાદાનું પવિત્ર નામ પ્રાપ્ત થયું છે તેવી બોરીયાવી ખાતે શરુ થયેલ મોતીભાઈ રણછોડભાઈ સાગર સૈનિક સ્કૂલની ચાલો શબ્દ સફર કરીએ.

ધોરણ 6 થી ધોરણ 12 સુધી વિધાર્થીઓનું જ્યાં ઘડતર થવાનું છે તેવી આ સાગર સૈનિક સ્કૂલમાં બાળકોને જ્ઞાનની સાથે શરીર સૌષ્ઠવ અને શિસ્ત સાથે પ્રાપ્ત થાય તે સૌથી મોટો ઉદ્દેશ છે. પૌષ્ટિક આહાર, નિયમીત દિનચર્યા, મેદાની રમતો, લશ્કરીય તાલીમ તથા આજના યુગનું છેલ્લામાં છેલ્લી ટેક્નોલોજી આધારિત શિક્ષણ આપતી આ સંસ્થાના બાળકો ભવિષ્યમાં આપણી સાથે વાત કરશે તો તેમની વાતમાં પણ આત્મવિશ્વાસનો ભરપૂર પ્રભાવ જોવા મળશે. સંવાદ કરતાં - કે, યુદ્ધ કરતાં તેના તમામે તમામ પાસાઓમાં ખેલદિલી જોવા મળશે. એ જ્યાં પણ કામ કરશે ત્યાં તેના કાર્યક્ષેત્રમાં આ શિક્ષણની ઝલક જોવા મળશે. સાગર સૈનિક સ્કૂલમાં તૈયાર થયેલા બાળકો સૂતાં - જાગતાં, હાલતાં - ચાલતાં, કામ કરતાં અથવા તો વાતો કરતાં સમયે તેની ભૂમિકામાં આ સંસ્થાના શિક્ષણની સકારાત્મક અસરો જોવા મળશે. મોબાઈલના યુગમાં મેદાની રમતો આજે જ્યારે ભૂલાઈ રહી છે ત્યારે આપણી આ સાગર સૈનિક સ્કૂલ નવા ભારતના નિર્માણમાં મહત્વનું યોગદાન આપશે. ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી મહેસાણા દૂધસાગર ડેરી રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોશિએશન (દૂરડા) દ્વારા સંચાલિત શ્રી મોતીભાઈ ર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલ (MCSSS) ની સ્થાપનાનો મૂળ ઉદ્દેશ લશ્કરી શિસ્ત સાથે આવનાર યુગની ડિઝીટલ ક્રાંતિ સાથે કદમતાલ મિલાવી શકે તેવા યુવાનો તૈયાર કરવાનો છે. શારિરીક અને માનસિક રીતે મજબૂત ઘડતર પામેલા આ બાળકો N.D.A (નેશનલ ડિફેન્સ એકેડમી) જોઈન્ટ કરી દેશ માટે 21 મી સદીના સમયને અનુરુપ તાલીમબદ્ધ થાય તે પ્રકારનું શિક્ષણ મેળવશે. ભારત સરકાર દ્વારા ઉપરોક્ત ઉદ્દેશ માટે સમગ્ર દેશમાં આવી 100 સૈનિક સ્કૂલોની શ્રેણી ઉભી કરવાની કવાયત ચાલી રહી છે. જે પૈકી આપણી સાગર સૈનિક સ્કૂલ એક છે. સમગ્ર અભ્યાસક્રમ CBSE આધારિત હોવાની સાથે સાથે અહીં શારિરીક વિકાસને ભરપૂર મહત્વ આપવામાં આવશે. હાલમાં ગણિત, વિજ્ઞાન, સામાજિક શિક્ષણ, કોમ્પ્યુટર, વ્યાયામ, ફાયર સેફ્ટી, યોગ દ્વારા મનોબળ મજબૂત કરવાના તમામ વિષયો આવરી લેવામાં આવ્યા છે. આ સંપૂર્ણ શિક્ષણ દરમ્યાન બાળકો હોસ્ટેલ આધારિત શિસ્તબદ્ધ શિક્ષીત થાય તે બાબત ફરજીયાત છે. વહેલી સવારથી સુવાના સમય સુધી સમયના દરેક કલાકોને અલગ - અલગ કાર્યોમાં વિભાજીત કરવામાં આવ્યા છે અને બાળકોએ પારિવારીક ભાવનાથી સંપૂર્ણ શિસ્તબદ્ધ રીતે સંસ્થાના નિયમોનું પાલન કરવાનું શિખવવામાં આવે છે. અહીં ભણતા બાળકોને સમયબદ્ધ સારામાં સારું ભોજન સહિત સમગ્ર દિનચર્યા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયની ગાઈડ લાઈન પ્રમાણે થતું હોવાથી આ બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ છે.

Scanned with OKEN Scanner

# સ્વસ્થ ભારતના નિર્માણનો એક નવો અધ્યાય

# સાગર ઓર્ગેનિક પ્લાન્ટ ખેરાલુ



તાજેતરમાં, બોરીયાવી (મહેસાણા) ખાતે ભારત સરકારના ગૃહ તથા સહકારીતા મંત્રી શ્રી. અમિતભાઈ શાહ અને ગુજરાત રાજ્યના યશસ્વી મુખ્યમંત્રીશ્રી. ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતીમાં દૂધસાગર ડેરી દ્વારા સંચાલિત શ્રી મોતીભાઈ રણછોડભાઈ સાગર સૈનિક સ્કૂલ ની સાથે ખેરાલુ ખાતે દૂધસાગર ડેરી દ્વારા પ્રાકૃતિક ખેત પેદાશોને પ્રોત્સાહન આપવા અમૂલ સાથે સહયોગ કરી ઉભો કરવામાં આવેલ સાગર ઓર્ગેનિક પ્લાન્ટ (ખેરાલુ) નો શુભારંભ કરવામાં આવ્યો છે ત્યારે, આ પ્લાન્ટ વિશે દૂધસાગર પત્રિકાના વાંચકો સચોટ જાણકારી મેળવે તે ખૂબ ઈચ્છનીય બાબત છે.

ખેરાલુ ખાતે શરુ થયેલ આ ઓર્ગેનિક પ્લાન્ટમાં દરરોજ 30 MT (મેટ્રીક ટન) અનાજ પ્રોસેસ કરવાની ક્ષમતા ઉભી કરવામાં આવી છે. જેમાં જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ કર્યા વિનાના અનાજો જેવા કે ; તુવેર દાળ, દેશી ચણા, આખા મગ, મગદાળ, મગદાળ છીલકા, ભૂંગળી (પીનટ), વિવિધ ડ્રાયફ્રુટ, જીરુ, ઘઉં અને ચોખા જેવા ઉત્પાદનોનું વૈજ્ઞાનિક પધ્ધતિથી ચકાસણી કરીને GCMMF ની અમૂલ બ્રાન્ડ હેઠળ પેકિંગ કરવામાં આવે છે. આ માટે, ખેરાલુ ખાતેના પ્લાન્ટમાં અત્યાધુનિક મશીનરી લગાવવામાં આવી છે. જેમાં, (1) MTR Vibro Classifier : આ મશીનમાં અનાજના વિવિધ દાણાઓને આકાર અને કદ પ્રમાણે અલગ કરી ગ્રેડ પ્રમાણે જુદા કરવામાં આવે છે (2) Destoner : આ મશીન દ્વારા અનાજમાંથી પથ્થરો અને રજકણો દૂર કરવામાં આવે છે (3) Magnetic Separator : આ મશીનરીમાં અનાજ માંથી ધાતુ (મેટલ) જેવી જોખમી અશુધ્ધિઓ દૂર કરવામાં આવે છે (4) Gravity Separator : ગુરુત્વાકર્ષણના આધાર ઉપર આ મશીન અનાજ સામગ્રી વૈજ્ઞાનિક ઢબે શુધ્ધ કરે છે (5) Sortex Machine : આ મશીન અનાજને રંગ, આકાર અને કદ પ્રમાણે અલગ પાડી તેમાં રહેલા હાઈ રિઝોલ્યુશન કેમેરા અને ઈમેજ પ્રોસેસિંગ દ્વારા ખોટા કચરા, દાણા અને જોખમી પદાર્થોને દૂર કરવામાં ભૂમિકા ભજવે છે (6) Finish Good Silo : ખેરાલુ પ્લાન્ટમાં આ પ્રકારના બે મશીન કે જે ; પ્રતિદિન 25 MT ની ક્ષમતામાં શુધ્ધ અને તૈયાર થયેલ માલનો સંગ્રહ કરે છે (7) Muchh Chutter Machine : અનાજને રંગ, કદ અને આકારના આધારે અલગ કરવાનું આ એક વધુ નવું ઉપકરણ પ્લાન્ટમાં વસાવવામાં આવ્યું છે જે વાસ્તવમાં પ્રાકૃતિક અનાજને પોતાના સાચા સ્વરુપમાં ગ્રાહક સુધી પહોંચે તે માટે કામ કરે છે. આમ, દૂધસાગર ડેરી પોતાના પ્રાકૃતિક અનાજ ઉત્પાદન થકી હવે, સ્વસ્થ ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા સૂસજ્જ બની છે.

અશોકભાઈનું Amul મંથન

## અમિતભાઈ શાહના અધ્યક્ષ પદે નવી દિલ્હી ખાતે NCDC ની ૯૨ મી જનરલ કાઉન્સિલ બેઠક યોજાઈ









આજે દેશમાં રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) એ દેશની સહકારી સંસ્થાઓને સશક્ત બનાવવા અને તેમને નાણાંકિય સહાય પૂરી પાડવા એક મજબૂત માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે. ગત તારીખ 19 નવેમ્બરના રોજ દેશની રાજધાની નવી દિલ્હી ખાતે "સહકારથી સમૃદ્ધિ" ના પ્રણેતા એવા દેશના યશસ્વી ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી. અમિતભાઈ શાહના અધ્યક્ષ સ્થાને NCDC ની 92 મી જનરલ કાઉન્સિલની બેઠક યોજાવા પામી હતી જેમાં અમૂલના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. વર્તમાન સરકારના સહકાર મંત્રાલયને વધુમાં વધુ મજબૂત કરવા પોતાના સર્વસ્વનું યોગદાન આપી રહેલા માનનિય કેન્દ્રિય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી. અમિતભાઈ શાહના નેતૃત્વમાં આજે દેશમાં સહકાર ક્ષેત્રનો મજબૂત કાયાકલ્પ થઈ રહ્યો છે. દેશનો નાનામાં નાનો માણસ સહકારીતાથી જોડાય અને સમૃદ્ધ બને તે દિશામાં ઉત્તમ કામ થઈ રહ્યું છે. સહકારીતા મંત્રાલયનો આજે સૌથી મોટો લાભ દેશના કૃષિતંત્ર તથા પશુપાલનને થઈ રહ્યો છે જે વાત્સવમાં, સહકારથી સમૃદ્ધિ શબ્દને સાકાર કરી રહ્યો છે.

## NCUI અને IFFCO ના ચેરમેન શ્રી. દિલીપભાઈ સંઘાણી સાથે AMUL ના ચેરમેનશ્રી. અશોકભાઈની આત્મિયતાથી મુલાકાત





19 નવેમ્બરની પોતાની નવી દિલ્હી યાત્રા દરમ્યાન અમૂલ અને મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ નેશનલ કો-ઓપરેટીવ યુનિયન ઓફ ઈન્ડિયા (NCUI) અને IFFCO ના ચેરમેનશ્રી. દિલીપભાઈ સંઘાણી સાથે મુલાકાત કરી હતી. જે પ્રસંગે, ખેતી બેંકના ચેરમેનશ્રી. ડોલરભાઈ કોટેચા અને NAFSCOB ના ચેરમેનશ્રી. રવિન્દ્ર રાવજી ઉપસ્થિત રહ્યા હતા. અમૂલના ચેરમેન બન્યા પછી સંભવિત, શ્રી. દિલીપભાઈ સંઘાણી સાથે અશોકભાઈની પ્રથમ મુલાકાત હોઈ તેઓએ સુગંધિત પુષ્પગુચ્છથી અશોકભાઈને આવકારી તેમની આ મહત્વની નિમણુંક અંગે પોતાની ખુશહાલી અને આશિર્વાદ પાઠવ્યા હતા.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા

Scanned with OKEN Scanner